સાલ : ૧૯ / સિલસિલાવાર નંબર : ૧૬૭ / શુમારો : ૫

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

ફુલ પાના - ૧૬

مشكوة الهادي

MISHKAAT UL HAADI

નાશિર : મરકઝે તરબીયતે મુમેનીન, અલ-વિઝારતુલ અલવીયાહ, વડોદરા.

રમઝાનુલ મોઅઝ્ઝમ - શવ્વાલુલ મુકર્રમ ૧૪૪૩ / એપ્રિલ - મે ૨૦૨૨

## હુનૈદી, હિન્દુસ્તાની યા હિન્દુ : કિસ્ત -૧

અલ્લાહતઆલા કુરઆને કરીમમાં ફરમાવે છે કે, **" ઇન્નદ્દીના ઇન્દલ્લાહિલ ઇસ્લામ, "** યાઅની, બેશક ! અલ્લાહને નઝદીક ઈસ્લામ જ દીન છે. આલમમાં હરએક મઝહબની ઈબ્તેદા ઈસ્લામથી છે અને તેની ઈન્તેહા પણ ઈસ્લામથી જ છે. દુનિયાનું પહેલું દીન પણ ઈસ્લામ છે અને આખિરી પણ. દીને ઈસ્લામ જે હમને હક્ક, યકીન, ઈન્સાફ, સબર, શુક્ર, તવક્કુલ અને અમલે ખૈર કરવાનો પૈગામ આપે છે, તેના વુજૂદનો મુબારક સફર, પહેલા નબી મૌ.આદમ સફીયુલ્લાહ (અ.સ.) થી શુરૂ થયો અને યૌમે કેયામતના સાહેબ મૌ.કાઈમ (અ.સ.) પર પૂરો થાશે. ઈન્સાનની **ખૈરીયત, બહેબૂદી, તરક્કી, બહેતરી અને નજાત** તો ઈસ્લામને તેની અસલી માઅના અને સૂરતમાં તસ્લીમ કરવામાં જ છે.

મૌ.આદમ નબી અઝીમ હિન્દુસ્તાનની ઝમીનના નીચલા છેડામાં યાઅની કે સરંદીપ ટાપુ પર પૈદા થયા. આપની ઈબ્તેદાઈ ઝિંદગી તૌહીદે રબ્બાની અને તાઈદે ઈલાહી કુબૂલ કરતા-કરતા આ જ મુબારક સરઝમીને હિંદ પર ગુઝરી. આ હમારો પ્યારો, ઝરખૈઝ અને શાનદાર મુલ્ક હિન્દુસ્તાન, અસલમાં મૌ.હુનૈદ (અ.સ.) થી મન્સૂબ અને માઅરૂફ છે. આપે જ હમારા આ દૌરે સતરમાં હુક્મે ઈલાહીથી મૌ.આદમને નુબૂવતના દરજએ આલીયહ પર ફાઈઝ કીધા, કાઈમ કીદા, મુકર્રર કીધા. મૌ.આદમ નબીની દાઅવતનો આટલો મોટો ઝમીની ઈલાકો ત્રણ હિસ્સામાં તકસીમ થયેલો હતો, **જેમાં મોટામાં મોટો હિસ્સો હિંદનો હતો કે, જેનું અસલી નામ હુનૈદિસ્તાન હતું.** બીજા બે હિસ્સાઓમાંથી એક સિંધ અને બીજો યમનથી મશ્હૂર થયો. આ ત્રણે ઈલાકાના લોગો આજ તક એકબીજાથી વાબિસ્તા હતા અને વાબિસ્તા રહેશે. મુખ્તલિફ મોટી નદીઓ, રણ, પહાડો અને દરીયા તેની શનાખ્ત, પૈદાવાર, ઝબાન અને આબોહવાને અલગ કરે છે.

દાઅવતે શરીફહની અખ્બારની કિતાબો મુતાબિક આ ત્રણે ઈલાકાને અલગ-અલગ જઝીરા તરીકે પહેચાનવામાં આવે છે. હુનૈદિસ્તાન-હિન્દુસ્તાનથી મૌ.આદમની દાઅવતે ઈસ્લામીયહ શુરૂ થઈ. આપ યહાઁથી દાઅવતનો પૈગામ ફેલાવતા ફેલાવતા, નશર કરતા કરતા આપના બૈરો માઁ હવ્વા સાથે પૂરા મુલ્કથી ગુઝરીને, લંબો ફાસલો તય કરીને યમન (અરબસ્તાન) ની ઝમીન પર પહોંચા. આપના આ સફરમાં સિંધનો ઈલાકો પણ શામિલ હતો. સફરના દરમિયાન આપથી માઁ હવ્વા જુદા થઈ ગયા. આપની દાઅવતે હકકનો સફર મક્કએ મુઅઝ્ઝમહની મુકદસ સર-ઝમીનમાં પૂરો થયો. સાત હઝાર સાલ પહેલા આ હમારા હુનૈદિસ્તાન-હિન્દુસ્તાનમાં મૌ.આદમે આપની દાઅવતે હક્કની બુનિયાદ મુકી અને અરકાને શરીઅતને કાઈમ કીધા. આપની આ દાઅવતે મુબારકહ તૌહીદે ઈલાહી યાઅની કે, અલ્લાહતઆલાની એકોકારી અને વહેદાનીયત તરફ હતી. તેમાં કોઈ સનમ-પરસ્તી (મુર્તિપૂજા) યા ઈન્સાન-પરસ્તી નો તસવ્વુર ન્હોતો. **હકીકતમાં તે વક્ત કોઇ હિન્દુસ્તાની કોઇ તરહની બુતપરસ્તી કરતા ન હતા.** તમામને નઝદીક પરવરદિગાર, પરમાત્મા યા પરમેશ્વરનો જ તસવ્વુર હતો. લોગો સુકર્મ-સુશાસનને, ખૈર અમલ-તહેઝીબો અદબને અને તમામ કરતા અહમ ખુદા તરફથી સાહેબે હિદાયતને જ તેના તરફ પહોંચવાનો રસ્તો માનતા હતા. તેઓ કોઈ એક પાક હસ્તીની તલાશમાં હતા કે, જે તેઓને આ ફાની-ગુનાહિત જહાનથી છુટકારો અપાવે અને નજાતી બખ્શે.

(બકીયાહ પેજ નં. ૨ પર)

**કોઈને દુશ્વારી આવે છે, તે એના સહેલાઈની શુરૂઆત છે.**

(પેજ નં. ૧ નું બાકી)

આ હુનૈદિસ્તાનની પાકીઝા ઝમીનમાં દીને ઈસ્લામનો વુજૂદ અબદી-અઝલી હમૈશાનો છે. જેના સબબથી અલ્લાહતઆલાએ આ ઝમીનમાં સુકૂન બખ્શેલું છે અને બરકત બોલેલી છે. મૌ.આદમે આ જ દીને હક્કને હિંદના જઝીરાના હર ગોશામાં કાઈમ કરવા વાસ્તે દોઆતને મોકલી આપા. તે વક્ત દુનિયાદાર, દૌલતપરસ્ત, ઘમંડી, લાલચખોર, તમાઅખોર, મકરબાઝ, બદખ્વાહ લોગોથી દાઅવતે ઈલાહીયહ અને દીને ઈસ્લામના નૂર, ખૈરો ખૂબી અને મકબૂલીયત બરદાશ્ત ના થઈ. લેહાઝા, આવા લોગોએ યા તો દીનને અંદર રહીને નિફાકથી યા તો ખુલ્લા દુશ્મન બનીને દીનને નુકસાન પહોંચાવવાનું શુરૂ કરી દીધું. **દાઅવતની ઝમીનમાં અને ઝમાનમાં તમામ નબીઓના દૌરમાં અને ઇમામોના વક્તમાં આ મુખાલેફતનો માજરો અને મંઝર પૈશ આવે છે.** મગર, હક્કના સાહેબોએ હર તરહની તકલીફો અને ઈઝા-રસાની બરદાશ્ત કરીને દીને હક્કના પરચમને મુખ્તસર ગિન્તીના મુમેનીનની જમાઅતમાં ઊંચું રાખું, સલામત રાખું. અકસર લોગો સાહેબે હક્કની માઅરેફતને ઠુકરાવીને એમના હાથ પર ઈમાન ના લાવા અને ગુમ્રાહી પર જ પોતાની ઝાતને ફના કરી દીધી.

આ ફાસિદ અને ફિત્નાખોર લોગોએ દીને હકકના અકીદાઓમાં, હલાલો હરામના અહકામમાં, તરીકા-રૂસૂમાતમાં, તિજારતી ઊસૂલના ઢાંચામાં, દુનિયા તેમજ આખેરતને લગતી હકીકતોની સમઝમાં તબ્દીલી લાવી દીધી કે, જેથી આમ લોગોના ઝહેનમાં જૂઠની નાપાકી ભરાઇ ગઇ. આ સિવાય એવી બાબતો કે, જે તેઓને મનફાવતી હતી, અમલ કરવામાં આસાન હતી, બીજાથી મુખ્તલિફ હતી, શોહરત અપાવે એવી હતી, **તેમાં તેઓ ચાલાકીથી લોગોને બેવુકૂફ બનાવવામાં કામિયાબ થયા.** તેઓની મકરબાઝી એ હદ તક વધી ગઇ કે, નાના-મોટા ફરમાનોમાં ફેર-બદલ કરીને, અસલી દીનમાં થોડું લઇને અને થોડું છોડીને ઢોંગ કીધો, જૂઠી-બનાવટી વાતો બનાવીને, છલકપટ કરીને, ધોકેબાઝીનો લિબાસ પહેરાવીને એક નવા શયતાની ચીલાને, રસ્તાને, વિચારને અને બિદઅતી રસમોને ઈખ્તિયાર કરી લીધી. પછી આ ચીજ એક નવા નામથી, એક નવા મઝહબની શિક્લમાં ઊભી થઈ.

આ મુજબ સેંકડો લોગો પૈદા થયા અને તેમાંથી બેશુમાર મઝહબો વુજૂદમાં આવા. અજીબો ગરીબ કિસ્મની તેઓના ખુદાઓને રાખવાની ઈમારતો, શિક્લો, જુદી-જુદી ચીઝથી બનેલી સૂરતો, ઘરેલું રસ્મો, તરહ-તરહના પકવાનો, મુખ્તલિફ લિબાસો, તેઓના અકીદાઓને સાબિત કરતી કિતાબો બનાવવામાં આવી. મગર જે વક્ત હમેં આ તમામ ઈન્સાની બનાવટના મઝહબો તરફ નઝર કરીએ છીએ અને તેની ગહેરાઇ તરફ જઇએ છીએ, **તો આ તમામ ના રસ્તાઓ, વિચારો અને અમલો હમને દીને ઇસ્લામ તરફ જ લઇ જાય છે.** જહાનનું પહેલામાં પહેલું મુન્ફરદ બેમિસાલ, ઈલાહી-આસ્માની દીન, તે ઈસ્લામ જ છે.

આ હમારા દીનનો પહેલો મકસદ અને અહમ મુરાદ બુતપરસ્તીને, ઈન્સાન-પરસ્તીને અને બુતસાઝીને હરામ કરવું છે. તે ચીઝોની ઈબાદત હરામ છે કે, જે ઈન્સાનના હાથોથી બનેલી હોય. તે રઈસોની પૈરવી પણ હરામ છે કે, જેઓને લોગોએ સરદાર બનાવા હોય. આ પૈગામે ઈલાહી આ દૌરે સતરના ૭ હઝાર સાલથી લોગોમાં જારી છે, રોશન છે, અમલ દર-અમલ છે. હર નબીએ યા એમના દોઆતે એમની કિતાબોમાં, કલામોમાં, સહીફાઓમાં કે આદતો-આઅમાલમાં આ જ તાઅલીમ આપેલી છે. દીને ઈસ્લામ સિવાય દુનિયાનો હર મઝહબ બુતપરસ્તી તરફ જ લઈ જાય છે. મક્કામાં કાઅબતુલ્લાહ જે સાલોથી કુરૈશ કબીલાની બિદઅતો અને કુફ્રે ઈલાહીથી બુતખાનું બનેલું હતું, તેને બુતોથી સાફ, તૈયેબો તાહેર, પાકીઝા કરવાની ઝિમ્મેદારી અલ્લાહતઆલાએ હમારા આખિરી નબી મોહંમદુલ મુસ્તફા (સ.અ.વ.વ.) અને આખિરી વસી અલીયુલ મુરતઝા (અ.સ.) ને સિર્પુદ કીધી અને બંને સાહબોએ તે બાખૂબી નિભાવી. ☆

**કોઈને બીમારી આવે છે, તે એના જિસ્મમાં નવી તાકતની ઈબ્તેદા છે.**

# અલ-અકાઈદુલ અલવીયહ - કિસ્ત-૨૦
## અલવી અકીદાઓ - અકીદો - ૩૬ અને ૩૭

મુકદ્દેમો-પ્રસ્તાવના: **(બીજી મંઝિલ)**

અલ્લાહતઆલા વાસ્તે હમ્દ છે કે, જેએ માઅરેફત કરનારાઓની આઁખોમાં પોતાની મોહબ્બતનો ઠંડા કાજલ-સૂરમો લગાવો અને હિદાયત હાસિલ કરનારાઓની નઝરોંને પોતાની હિદાયતના નૂરથી રોશન કીધી. પરહૈઝગાર લોગોની આઁખોને દુનિયાના મકરો ફરૈબની તરફ ઝૌક-ઈલ્તેફાત કરવાથી રોકી લીધી અને ગૌરો ફિકર કરવાવાલાના દિલોને પોતાના અન્સત-ઈત્મિનાન આપનાર મૈદાનો તરફ મોતવજ્જેહ કીધા. અંબિયા-ઔસિયા (અ.સ.) ના દિલોને પોતાની કિતાબ કુરઆને કરીમના બયાને મુફીદ અને કલામે જલીલથી સૈરાબ કીધા અને પોતાની મોહબ્બત રાખનારાઓની અક્લોને હક્ક અને યકીનની દૌલતથી કામિયાબ કીધી. **દીનના ફરઝો અને હુકૂકને અદા કરવા પર સબર કરવાથી તાઅતગુઝ્ઝારો-મુમિનો ની નફસોને મુમ્તાઝ કીધા.** પોતાની તરફ રૂજૂઅ થાનારાઓ - વહેદાનીયતમાં ગૌરો ફિકર કરનારાઓને મુલ્હિદો-નાસ્તિકો-ફાસિદો ના નાપાક ખયાલાત અને બિગડેલા નઝરીયહથી બચાવી લીધા. રૂશ્દો હિદાયત તલબ કરનારાઓને નજાત હાસિલ કરનારના અકીદાઓ-આઅમાલથી વાકિફ કીધા અને શૌક અપાવો કે, તેઓની સોહબતને ના છોડે.

સલવાતો સલામ પઢજો અલ્લાહતઆલા એ રસૂલ પર કે, જેને જહાનવાલાઓ વાસ્તે સરાપા હિદાયત બનાવીને મોકલા. આ રસૂલએ છે કે, જેનું ઈસ્મે મુબારક મોહંમદ છે કે, જે હલાક થાનારાઓની નફસોને બચાવવાલા છે અને નજાતના કાંઠે પહોંચાડનાર છે. સલવાતો સલામ પઢજો અલ્લાહતઆલા મોહંમદ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ના વસીએ અકરમ મૌ.અલી બિન અબી તાલિબ (અ.સ.) પર કે જે આપના મદદગાર અને વારિસદાર છે. આપના બાદ ઉમ્મતના સરદાર છે. **બયઅત-મીસાકના સાહેબ છે અને અલ્લાહ તરફ પહોંચવાની મઝબૂત રસ્સી છે.** સલવાતો સલામ પઢજો અલ્લાહતઆલા આ બેવે નબીયો વસીની આલે અત્હર પર કે જેઓ અઈમ્મતે તાહેરીન (અ.સ.) છે, અસ્હાબુલ યમીન છે, આ જહાનના ખુલાસા છે. આ ઔલાદે તાહેરહ આલે યાસીન છે, આલે તાહા છે અને ઈસ્મત ના સાહેબો છે.

તમેં ઈલ્મ રાખો, અય મારા નૈકબખ્ત ભાઈ ! અલ્લાહતઆલા તમને હિદાયત પર હમેશા બાકી રાખે અને ઝમાનાના ઈમામ (અ.સ.) ની વલાયતે વાજેબહ પર કાઈમ રહેવાની નૈક તૌફીક બખ્શે. તમેં તમારા હમ-અકીદા અને હમ-દીનના યકીનો અમલમાં પુખ્તા, ચંદ મુમિન ભાઈઓને આઅમાલ, રૂસૂમાત, અકીદાઓ, ઈલ્મે બાતિન અને તારીખ મુતઅલ્લિક સવાલો કીધા. આ બહેસ-ગુફતગૂ-કીલોકાલ એ હદ્દ તક પહોંચી કે, એમ સવાલ પૈદા થયો કે, કોઈ અગર અપના અકીદા મુતઅલ્લિક સવાલ કરે, તો અપના નઝદીક કોઈ એવી કિતાબ કેમ ના હોય શકે કે, જેમાં એક સાથે-જુમ્લા તૌરથી તમામ અકીદાની ઝિક્ર હોય અને આ કિતાબની બુનિયાદ પર અપને એ સવાલ પૂછનારને જવાબ દઈ શકીએ યા અપના તૌર-તરીકાથી એને વાકિફ કરી શકીએ. અપના નઝદીક અપના દીન ના ઊસૂલ બાબત એક એવી મુકમ્મલ કિતાબ હોય કે, **જેમાં હર તરહની બારીકી-નુક્તાઓ બયાન કરવામાં આવા હોય કે, જેને અપના બુનિયાદી અકીદાઓ કહી શકાય.** આ પહેલા જેટલા ફઝલો કરમના સાહેબો કે, જેઓ દાઅવતે હક્કના ઈલ્મ અને હિકમતથી મુનવ્વર હતા, તેઓએ અપના અકીદાઓ-ઊસૂલોના બારામાં બેશુમાર મકાલા-લખાણો લખેલા છે. અપના અકીદાઓની મુકમ્મલ કિતાબની હાજિત તે વાસ્તે પૈશ આવી કે, આ પુરહિકમત લખાણોને એક આમ તાલિબે ઈલ્મ આસાનીથી સમઝી શકે યા એના નઝદીક કોઈ ગૈરસમઝ-ઈખ્તિલાફની વાત ઊભી થાય તો આ કિતાબ મશઅલે રાહ (બકીયાહ પેજ નં. ૪ પર)

**કોઈની રોઝી તંગ થાય છે, તે એના રિઝકની બહેતરીની નિશાની છે.**

(પેજ નં. ૩ નું બાકી)

બની શકે અને જેનાથી સહી સમઝ લઇ શકાય. કોઇને દીન બાબતની સરસરી માઅલૂમાત હાસિલ કરવી હોય તો આ કિતાબના ઝરીએ એના ઈરાદા મુજબ તમામ ચીઝો એક નઝરમાં એ સમાવી શકે છે.

**અકીદો - ૩૬ : ઇમામતનો દરજ્જો, રિસાલત અને વસાયત બાદ હમેશા બાકી રહે છે.**

આ અકીદો હમારા વાસ્તે બેહદ લાઝિમી અને ઝરૂરી છે. ઈમામત હર દૌરમાં હર વક્ત પહેલાથી આખિર તક કાઈમી-દાઈમી રહે છે. આ ઈલાહી નિઝામમાં કોઈની દખલઅંદાઝી હોય શકતી નથી. ઈમામ એ સાહેબ છે કે, જે નબી-વસીના ઈલ્મના વારિસ બને છે. યાઅની કે, નબી જે શરીઅત લઈને આવા હોય અને એના વસી કે જેએ શરીઅતનું તાવીલી બયાન કીધું હોય, તેને ઉમ્મતના લોગો વાસ્તે હિદાયતનું નૂર અને ઈલ્મની નહેરો મુજબ જારી કરે છે, મોહય્યા કરે છે. **ઇમામ, ઉમ્મતના વાલી અને રૂહાની વાલિદ હોય છે.** આ બલંદ દરજાનો સિલસિલો અટકતો નથી, રૂકતો નથી, મૌકૂફ રહી શકતો નથી. મગર બે રસૂલોના દરમિયાન એનો સિલસિલો બાવાજી પછી એના દીકરામાં જારી જ રહે છે. હર દૌરમાં ઈમામો ઉમ્મતને ઈલ્મો અમલની હિદાયત અને નૈકોકારીની દાઅવત દે છે.

બે રસૂલોના દરમિયાન દરાઝ મુદ્દત હોય છે. અલ્લાહતઆલાએ રસૂલના ઝરીએ નાઝિલ ફરમાવેલા અહકામ-શરીઅતમાં કોઇ તરહની તબ્દીલી થઇ શકતી નથી. ઈમામ જે વક્ત ઈમામત કરે છે તો એના વક્તના આખિરી રસૂલ જે શરીઅત લઈને આવા હોય છે, તેને હર હાલમાં સાચવવાની હોય છે. રસૂલને માનનારા મુમેનીન-તાબેઈનને સહી રસ્તા ઉપર ચલાવવાના હોય છે. બિદઅત કરવાવાલાઓની બુરાઈ અને ફિત્ના -પરવર મુખાલિફોની ખરાબીઓથી હક્કના મુમેનીનના દિલોમાં શરીઅતને મહેફૂઝ રાખવાની હોય છે.

હમારા રસૂલ, મોહંમદુલ મુસ્તફા (સ.અ.વ.વ.) છે. હમારા આખિરી રસૂલ છે, જે આખિરી કિતાબ-શરીઅત લઈને પધારા. લેહાઝા, આપની શરીઅતે મુબારકહ આ જહાનમાં હમારા દરમિયાન યૌમે કેયામત તક બાકી રહેશે. આપના બાદ દુનિયામાં કોઈ બીજા નબી-રસૂલ આવનાર નથી, તેથી આપના અહલેબૈત માંથી આપના દુખ્તરે બા-ઈસ્મતના ઝરીએ જે આપની આલ છે, આપની ઔલાદ છે, ઈમામતનો બાબરકત દરજો અલ્લાહતઆલાના હુજ્જત, કલેમહ, વજહ, નૂર તરીકે બાકી રહેશે. આ તરહ **ઇમામતના ઝરીએ અલ્લાહતઆલા સિલસિલએ હિદાયતનો કારોબાર બરકરાર રાખે છે.** યહાઁ તક કે, આલે મોહંમદ (સ.અ.વ.વ.) માં મૌલાના કાઈમ (અ.સ.) પધારશે કે જેનો હક્કના મુમેનીન ઈન્તેઝાર કરી રહ્યા છે. આપનો ઝુહૂર થાય કે જેથી ઈન્સાફ કાઈમ થાય અને સઝા-જઝાના તરાઝૂ નસબ કરવામાં આવે અને આ તરહ હક્કાનીયતના નિશાન બલંદ થાય.

**અકીદો - ૩૭ : ઇમામે હક્ક ઝમીનથી ગાઇબ નથી થઇ શકતા.**

આ હમારો પુખ્તા અકીદો છે કે, કોઇ પણ વજેહ ના સબબથી ઈમામે હક્ક કોઈ પણ વકતમાં આ આલમથી-લોગોની નઝરથી ગાઈબ થઈ શકતા નથી. યાઅની કે, આ ઝમીન કોઈ વકત પણ ઈમામના વુજૂદથી ખાલી રહી શકતી નથી. ઈમામ ના વુજૂદથી ઝમીન પર ઝિંદગીનો વુજૂદ કાઈમ છે. ઈમામ હમારી ઝાહિરી આઁખોંથી ગાઈબ થઈને તકીયહમાં-સતરમાં જઇ શકે છે, પણ આ હરગિઝ મુમ્કિન નથી કે, કોઈ એવો વકત પણ આવે યા હાલાત ઊભા થાય કે, અલ્લાહતઆલાની આ ઝમીન પર દરજએ ઈમામત પર ફાઈઝ રહેનારા યા સાહેબે વલાયત જે ઈમામે હક્ક છે એ મૌજૂદ જ ના હોય.

(બકીયાહ પેજ નં. ૬ પર)

**કોઈના સાથે ગમનો વાકેઓ બને છે, તે એના વાસ્તે ખુશીની નિશાની છે.**

## શહરૂલ્લાહિલ મુઅઝ્ઝમ – અલ્લાહતઆલાના અઝીમુશ્શાન મહીના

દોઆતે હક્ક (રિ.અ.) પોતાના કિતાબોમાં ફરમાવે છે કે, અલ્લાહ સુબ્હાનહૂએ તમને ઈલ્મે અહલે બૈત (અ.સ.) થી નવાઝેલા છે. આ ઈલ્મને વાસ્તે લાઝિમી ચીઝ અમલની છે. બેવે સાથે હોવા જોઈએ. અમલમાં બહેતરીન ચીઝ ઈમામુઝ્ઝમાન (અ.સ.) ની દાઅવતની ખિદમત છે અને ઈલ્મમાં બહેતરીન ચીઝ આપની માઅરેફત, આપની તાઅત અને આપની વલાયત છે. ઈલ્મો અમલની બહેતરીન ચીઝો સાથે મિલે તો બહેતરીન રસ્તાની હિદાયત તમને હાથ લાગશે. આ રસ્તા ઉપર ચાલવા વાસ્તે શહરૂલ્લાહ બહેતરીન નુસ્ખો છે, મૌકો છે અને મહીનો છે.

અય મુમેનીન ! તમેં સઘલા આ મુબારક અને અઝીમુશ્શાન મહીનાને તાઅઝીમ આપો. એવા ઈબાદુલ્લાહ-બંદાઓ બનીને કે જે તાઅઝીમનો હક્ક આ મહીનો રાખે છે, તે જ મુજબ અદા કરીને સવાબો અજરના મોતીઓથી પોતાના દામનોને ભરી લેજો. ભરપૂર ઈબાદતો કરીને રોઝા રાખીને, રાતોને ઝિંદા કરીને **આ મહીનાની બરકાત અને સઆદાત હાસિલ કરી લેજો.** શહેરે રમઝાન અઝીમુશ્શાન મહેમાન છે અને તેને કરામતો ઈઝ્ઝત ના આપનાર ભુંડાઓથી, ગાફિલોથી, બેદરકારોથી તમેં દૂર રહેજો . આવા બદ લોગોથી અલગ રહીને તમારી ઈમાનની વાડીને નૈક અમલના ખાતરથી લીલીછમ કરીને આબાદ કરી લેજો. તમારી આખેરતને સંવારવાની પૂરેપૂરી કોશિશ કરી લેજો. જો તમેં અલી મુશ્કિલ કુશા (અ.સ.) ના મુમિન છો તો તમારી હર સઅય, કોશિશ, જેહાદ અલ્લાહની બારગાહમાં મશ્કૂર અને મકબૂલ થાશે જ.

અય મુમેનીન ! તમેં યકીન રાખજો કે, આ મહીનાના બરકતી દિવસો અને રાતો રહેમત, ફઝલે ખુદાવંદી અને હસનાત હાસિલ કરવાની ખૈર મૌસમ છે. અલ્લાહતઆલાની રઝામંદી વાસ્તેનો ખઝાનો છે. તો, તમેં સઘલા તૈયાર થઈ જાવ, કમરબસ્તા થઈ જાવ, આ ખઝાનાનો ફાયદો લેવા, નેઅમતોનો લુત્ફ ઉઠાવવા. તમારી ભુલોને યાદ કરી-કરીને તેને મુઆફ કરાવવા હર હાલમાં તમેં ઈબાદતની રાહને ઈખ્તિયાર કરજો. **આમ કરવાથી તમેં ઇબ્લીસ લઇનની ફૌજને હરાવી શકશો.** તમેં તમામ અન્સારૂલ્લાહ છો, હિઝબુલ્લાહ છો યાઅની હક્કના મદદગારો છો, અલ્લાહની ફૌજ છો. ભલા ! ખુદાઈ ફૌજ સામે ઈબ્લીસી ફૌજ નો મકર-ફિત્નો ચાલી શકે ? હરગિઝ નહીં ! ખુદાઈ ફૌજ તો હર વક્ત જીત પામનાર છે.

અય અલ્લાહના મુખ્લિસ બંદાઓ ! તમેં તમારા રબના અઝાબથી ડરા કરો. શહરૂલ્લાહના આ ૩૦ અય્યામ અલ્લાહના દિનો છે, અય્યામુલ્લાહ છે. તેમાં આજકાલ કરીને, ખૈર કામોને મુલતવી કરીને આ દિનોની નૈકબખ્તીને ઝાયેઅ ના કરજો. દુનિયાની રશ્શાકશીના લીધે ઈબાદતમાં ઢીલ અને સુસ્તી ના કરજો. રોઝા-નમાઝની પાબંદીના સાથે આ મહીનાના હર એક લમ્હાતને તસ્બીહો તહેલીલથી ઝીનત બખ્શી દેજો. **કાલાવાલા અને આજિઝીથી તમેં ખૂબ દોઆઓ કરજો.** આ તમારી મુખ્લેસાના દોઆ તમારા ગુનાહોંની બખ્શીશ વાસ્તે કાફી છે. આ મહીનાની અઝમત કુરઆને કરીમથી છે. લેહાઝા, હર દિન કલામુલ્લાહની તિલાવત કરતા રહેજો. તમારો પરવરદિગાર, ખુદાએ અઝ્ઝ વ જલ્લ, કે જે રહીમો કરીમ છે, દાતાર છે, તેનાથી તમારી હરએક આરઝૂને બર લાવવાની ઉમ્મીદ રાખજો.

યાદ રાખજો ! પરવરદિગારે આલમે આ બાવકાર મહીનાથી તમને ખાસ કરીને બીજા તમામ અંબિયા (અ.સ.) ની ઉમ્મતો પર ફઝલ, દરજો અને શરફ બખ્શેલો છે. આ ખુદાના મહીના છે કે, જેમાં ખુદાતઆલાએ કુરઆને મજીદને નાઝિલ ફરમાવેલા છે. જે કિતાબે હક્કક લોગો વાસ્તે હિદાયતના સરચશ્મા છે.

આ કુરઆનમાં ખુદાતઆલાએ ખુલ્લી હુજ્જતો અને દલીલો ઉતારેલી છે કે, જેનાથી હક્ક અને બાતિલ દરમિયાન તમીઝ થાય અને કૌન કુરઆનને તેની અસ્લી માઅનામાં સમઝનારા છે અને કૌન નથી તેમાં તફરીક થાય.
(બકીયાહ પેજ નં. ૭૫૨)

**નવી ઝમીનમાં રહેવાની સખતી, રોઝીના નવા દરવાઝા ખોલી દે છે.**

(પેજ નં. ૪ નું બાકી)

અગર જાનની હલાકતનો ખતરો હોય યા દાઅવતના ઊમૂરને ઝાહિરી તૌરથી બજા લાવવામાં ખૌફ હોય, તો તકીયહમાં રહીને, ખુદની ઝાતને લોગોની નઝરોંથી સતરમાં કરીને, પોશીદા તૌરથી ઈમામે હક્ક આપના મુખ્લિસ મુમેનીનને ખબર કરે છે અને તેઓ હર તરહ આપથી તઅલ્લુક બરકરાર રાખે છે. **આ તમામમાં દાઇએ હક્ક હાદી બનીને મુમેનીનને ઇમામે હક્કની માઅરેફતની નૂરાની રસ્સીથી બાંધીને રાખે છે.** મુશ્કિલ વક્તમાં પણ મુમેનીન, દાઈએ હક્કના ઝરીએ ઈમામના આઅલા મકામને પહેચાને છે અને તેઓ આપથી દીનો શરીઅતના તમામ ઊમૂરની હિદાયત હાસિલ કરવાની સઆદત રાખે છે. ઈમામની પોશીદા પનાહગાહ અને આપની બાતિની જગાઓ પર જઈને હિકમતના કલામને સાંભલે છે અને દોઆની બરકત હાસિલ કરે છે.

ઈમામના ગાઈબ હોવાના ત્રણ સબબો હોઈ શકે છેઃ (૧) એનું ગાઈબ થાવું અલ્લાહ તરફથી હોય. (૨) એ પોતાની ઝાતથી ગાઈબ થયા હોય. (૩) લોગોના શર-મકરના સબબ કે દુશ્મનોથી જાનને બચાવવા વાસ્તે ગાઈબ થયા હોય.

(૧) ગાઈબ થાવું જો અલ્લાહ તરફથી હોય તો તેની વજેહ બાતિલ થઈ જાય છે. હમારા નઝદીક અકલે સલીમ આ ચીઝને કુબૂલ કરી શકતી નથી, કેમકે, એક તરફ તો અલ્લાહ પોતાના ઈમામની તાઅતને મુમેનીન પર વાજિબ કરે છે અને પછી બીજી તરફ તે જ ઈમામને ગાઈબ કરી દે! કુરઆનમાં કૌલે ખુદાવંદી થી આ અમર ખિલાફ જાય છે.

(૨) આ સબબ પણ બાતિલ છે, કેમકે, જે વક્ત અલ્લાહ ઈમામને આ દુનિયામાં હિદાયતને વાસ્તે મુકર્રર કરે છે, તો આપના ઉપર ફરઝ છે કે, આપ આ ખિદમતે દાઅવતને હર હાલમાં લઈ ઉઠે. જો અગર એમ ના કરે તો તમામ લોગોના રઈસ બનાવીને એમને આગલ કરવાનો કોઈ મકસદ રહેતો નથી ! અગર ઈમામ પોતાના તૌર પર પોતાની જાનને બચાવવા પોશીદા થઈ જાય તો, આપની ખિદમત અને ઈમામતના અમરમાં ખલલ અને નુકસાન ઊભું થાય છે. **ઇમામ જે વક્ત માઅસૂમ હોય છે તો એ કોઇ એવું કામ નથી કરી શકતા જે હિકમતથી ખાલી હોય.** એ પણ દુરૂસ્ત નથી કે, જેની વલાયત ફરઝ હોય અને જેની હાઝિરી વાજિબ થઈ હોય, એના વાસ્તે એમ કહેવાય કે, ઝમાનામાં ઈમામ એમના દરજા પર ફાઈઝ થયા બાદ લોગોને બેખબર કરીને સતરમાં ચાલા ગયા.

(૩) આ સબબ પણ કાબિલે કુબૂલ નથી. આનાથી તો એમ સાબિત થાય છે કે, અલ્લાહનો અમર જે કારે ઈમામત વાસ્તે હતો તેના ઉપર લોગોનો ખૌફ હાવી થઈ ગયો. જાનને બચાવવા વાસ્તે ઈમામ પોતાને સોંપાયેલી ખિદમતને અંજામ આપવામાં ચુક કરી બેસા. ઈમામતનો અમર તો યૌમે કેયામત સુધી જારી રહેશે. તો જે અમર અલ્લાહ તરફથી હોય એ સાહેબને લોગોના મકર અને કત્લની સાઝિશથી શું ખૌફ હોઈ શકે !

આ હકીકત પણ સરે તસ્લીમ હોવી જોઈએ કે, ઈમામે હક્કને પોતાની ઝિંદગીમાં પોતાના કાઈમ મકામ અને ખલીફા તૈયાર કરવાના હોય છે. લોગોમાં આવનાર ઈમામની માઅરેફત કરાવવાની હોય છે, જેથી જે વક્ત એમના મકામના વારિસ થાય તો એમના ફરઝંદ એમના જેવી જ હિદાયત દઈ શકે. **જહાઁ તક ઇમામના ફરઝંદ તૈયાર ના થાય, વહાઁ તક આપની ખિદમત કે ઝિમ્મેદારી પૂરી થઇ શકતી નથી.** આટલી અઝીમ ઝિમ્મેદારી હોય તો પછી શું વજેહ છે કે, આપ લોગોથી ડરે યા ગુમનામીમાં છુપતા ફિરે અને ખિદમતમાં કોતાહી કરે. અલ્લાહતઆલાએ તેના નૂરને આ જહાનમાં સાચવવા મુખ્તલિફ વક્તોમાં પોતાના ઈમામોને દુશ્મનોના બુરા કરતૂતથી અને બદ નઝરથી સાચવેલા છે અને યૌમે કેયામત તક હક્કના ઈમામોની સીરતમાં ગૈબતની ઝરૂરત પડે, તે નામુમ્કિન છે.

(બકીયાહ પેજ નં. ૭ પર)

**કોઈના ઘરે દુલ્હન આવે છે, તે એના સાથે ખુશહાલી લાવે છે.**

(પેજ નં. ૬ નું બાકી)

ઈમામ પોતાની ઝાતથી સતરમાં જાતા નથી. પણ સખ્ત ઈમ્તેહાનના ફતરતના ઝમાનામાં લોગો સાહેબે હક્કથી (વસી-ઈમામ) રૂગરદાની કરે છે, દરજાનો ઈન્કાર કરી બેસે છે. **જૂઠા ખલીફાઓ અને બનાવટી ઇમામોની તરફ રગબત રાખે છે, જેમકે, હર નબી બાદ લોગોએ એમના વસી સાથે સુલૂક કીધો.** મુખ્તલિફ ઉમ્મતના લોગોએ વસીએ હક્કને મૂકીને જૂઠા ખલીફાઓ તરફ રગબત કીધી અને આ જ મુજબ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ની જગા પર ગૈરમુસ્તહિક્ક લોગોને બેસાડી દીધા. મૌ.અલી અમીરૂલ મુમેનીન (અ.સ.) ને દરકિનાર કરી દીધા.

કહેનાર આમ પણ કહી શકે કે, ઈમામના ગાઈબ હોવામાં શું છે ? શું ઈમામ પોતાના બચાવ વાસ્તે દુશ્મનોંના દરમિયાનથી ફરાર કે હિજરત નથી કરતા ! શું મૌ.મૂસા કલીમુલ્લાહ મિસિરથી મદયન ચાલા ન્હોતા ગયા અને આપે તો એમ ફરમાવું હતું કે, હાઁ ! મૈં તમારા પાસેથી તે વક્ત ચાલો ગયો હતો કે, જે વક્ત મને તમારાથી ખૌફ મહેસૂસ થયો હતો. લોગોના આ તરહના કૌલના જવાબમાં હમેં એમ કહીએ છીએ કે, મૌ.મૂસા પોતાની કૌમથી તે વક્ત ચાલા ગયા હતા કે, જે વક્ત આપ મૂસા બિન ઈમ્રાન હતા, એક આમ શખ્સ હતા યાઅની દરજએ નુબૂવત પર આપ ફાઈઝ ન્હોતા થયા.

પણ જે વક્ત નુબૂવતની ખિદમત પર સરફરાઝ થયા તો ફક્ત આપના ભાઈ મૌ. હારૂનને સાથે લઈને હુકમે ઈલાહીના સબબ આપ તે જ કૌમ સામે બેખૌફ-નિડર બનીને પધારા. **નબી હોવાની હૈસીયતથી આપે હિમ્મતથી તૌહીદે ખુદાવંદીની તબ્લીગ કીધી.** આ જ મિસિલ મૌ.આદમ, મૌ.નૂહ, મૌ.ઈબ્રાહીમ અને રસૂલુલ્લાહ બાવાજીની સીરતે તાહેરહમાં હમને નઝર આવે છે. તમામ નુબૂવતના અઝીમ ઓહદાથી સરફરાઝ થયા બાદ લોગોની પરવાહ કીધા બગૈર કારે દાઅવત બરાબર કરતા રહ્યા.

દુશ્મનોએ આપનો ઈન્કાર કીધો અને બેહદ સતાવા, પણ જે વક્ત નૌબત જાન પર આવી અને આપની કત્લની સાઝિશ થાવા લાગી તો આપ તે લોગોથી હટીને, તે જગા છોડીને, બીજા લોગો તરફ જઈને આપનું મિશન જારી રાખું યા આપ ગોશાનશીન થઈને ખામોશ થઈ ગયા. આપના અકીદતમંદો અને મોહિબ્બોને દરમિયાન ઈલ્મી ફૈઝ અને રૂહાની બરકાત જારી કરતા રહ્યા અને આ જ મુજબ આજે ઈમામુઝ્ઝમાન (અ.સ.) આપનું કારે ઈમામત સંભાલી રહ્યા છે. ☆

---

(પેજ નં. ૫ નું બાકી)

શહેરૂલ્લાહની ઈબ્તેદા અને ઈન્તેહા અને તેના અય્યામની ગિન્તીને જે લોગો સમઝી શકા, **તે અલીયુલ મુરતઝા (અ.સ.) ના હક્કને પરામી શકા.** નહીં તો, પૂરા આલમમાં શહરૂલ્લાહની ઈબાદત કરનાર લોગો તો કરોડોની તાઅદાદમાં છે. તમેં સઘલા ખૈર છો કે, દોઆતે હક્કના સબબ તમારા હાથમાં બેવે કુરઆન (ઝાહિરી-બાતિની) નું દામન છે.

આ મહીનાના ફખ્ર વાસ્તે જ તેમાં લયલતુલ કદ્ર એવા તાબિંદા ચાઁદ મુજબ છે કે, જે હઝાર સિતારાઓ દરમિયાન ચમકે છે. આ ચાઁદની રોશની આગલ તે સિતારાઓની ચમક ઝાંખી થઈ જાય છે. તમને શું ખબર કે લયલતુલ કદ્ર શું છે ? તમને શું અંદાઝો કે તેની શું શાન છે ? લયલતુલ કદ્ર હઝાર મહીનાની ઈબાદત કરતા અફઝલ છે. **લયલતુલ કદ્રના ફાતેમી ચાંદથી જ ખુદાવંદે આલમે પોતાના બલંદ આસ્માનોને સલવાત, સલામ અને બરકાતના ચિરાગોથી ઝીનત બખ્શેલી છે.** આ રાતના જન્નતી ગુલ્શનમાં આવનાર નમાઝીઓને હસનાતે કુદસીયહની નુગહત, તાઝગી અને રંગત અતા કીધેલી છે. ભલા ! આ રાત કેમ ફઝીલતયાફતા ના હોય કે, તેની મમ્સૂલહ, માઅરૂફહ, મન્સૂબહ સૈયેદહ ફાતેમા અઝ-ઝહરા (અ.સ.) છે.

અલ્લાહતઆલા આ તમામ નિકાતે રમઝાનીયહ અને આયાતે જલીલહને દિલો જાનથી અપનાવવા પર મુમેનીનને શૌક અપાવે અને શહરૂલ્લાહના હરએક લમ્હાને ખૈર પર ગુઝારવાની આઅલા સમઝ આપે. આમીન. ☆

**કોઈ શખ્સ કોઈના ઉપર સલામ બોલવું મુકે છે, તે એના વાસ્તે કમબખ્તીની નિશાની છે,**

## લયલતુલ કદ્ર
## કુદરતો તકદીરની રાત

યે શબે કદ્ર કી અઝમત કા ખુદા હે કાઇલ,
યે શબે કદ્ર મેં હોતેં હૈં ફરિશ્તે નાઝિલ,
યે શબે કદ્ર મેં મુમિન ન હો કોઇ ગાફિલ,
યે શબે કદ્ર મેં ખાલી નહીં ફિરતા સાઇલ,
જાગ કર આજ કી શબ હક્ક સે દોઆએં કર લો,
મુમિનો, આસ કે દામન મેં મુરાદેં ભર લો.
ઇસ કી પહેચાન સે ગાફિલ હૈં હઝારોં અકસર,
હે હઝાર માહ સે ઇસ શબ કી ઇબાદત બરતર,
આતે હૈં રૂહો મલક રબ સે ઇજાઝત લેકર,
ઔર ઇસી તસ્બીહો તહેલીલ મેં હોતી હે ફજર,
સુબ્હ તક બંદો પે ખાલિક કા સલામ આતા હે,
ઔર ગુનાહગારોં કી બખ્શિશ કા પયામ આતા હે.
લયલતુલ કદ્ર કી મન્સૂલ હૈં ઝહરાઓ બતૂલ,
લયલતુલ કદ્ર મેં ખિલ જાતેં હૈં ઉમ્મીદ કે ફૂલ,
આજ હે શીઅયાને ઝહરા પે રહેમત કા નુઝૂલ,
આજ હોતી હે ગુનાહગારોં કી તૌબા મકબૂલ,
મુમેંનીં પાતે હૈં અલ્તાફો કરમ કી સૌગાત,
બનતી હે ઇદ કી ખુશખબરી સદા કદ્ર કી રાત.
આજ કી શબ હે મુસાવાત કી, ઇસાર કી શબ,
આજ કી શબ તો હે રહેમત કે તલબગાર કી શબ,
મગફેરત કી હે યે શબ, નેઅમતે ગફ્ફાર કી શબ,
બિલ યકીં આજ તો હે ઇત્કો મિનન્નાર કી શબ,
આજ તો પાએંગે મૂંહ માંગી મુરાદેં મુમિન,
ઇસ શબે કદ્ર કે બાદ હોગા તુલૂઅ ઇદ કા દિન.
ઇલ્મ કે સાથ મિલે હમકો અમલ કી દૌલત,
પાએ અખ્લાકે હમીદહ કી ઇલાહી નેઅમત,
ઉમ્ર ભર કરતેં રહેં દીને મુબીં કી ખિદમત,
દો જહાઁ મેં હો સર અફરાઝ હમારી મિલ્લત,
મુમિનોં, જિસ્મ પે ઝેબિન્દા હો તકવા કા લિબાસ,
કલ્બે મુમિન મેં હો ઔરોં કે ગમો કા એહસાસ.
મૌલા ઔલાદ મેં બરકત હો અતા રબ્બે ગફૂર,
રંજો આફાતો બલા હમસે રહે કોસો દૂર,
વાસ્તા ફાતેમા કા હમ રહેં હરદમ મસરૂર,
વો કરે કામ જો હો તેરે વલી કો મન્ઝૂર,
દિન બ દિન રિઝ્ક મેં હમારે અતા હો બરકત,
સજદએ શુક્ર અદા હમ કરેં જો હે નેઅમત.
પંજતન પાક કે સદકે મેં કરમ કર યા રબ,
હજ્જ પે જાને કે હો અસ્બાબ મયસ્સર યા રબ,
આઁખ સે દેખ લેં હમ રૌઝએ હૈદર યા રબ,
હમ બનેં ઝાઇરે સિબ્તૈને પયમ્બર યા રબ,
હમ કરેં બારે ખુદા મિસરો યમન કી ઝિયારત,
હિન્દ કે જુમ્લા વલીઓં કી ભી ચૂમે તુરબત.✫

(પેજ નં. ૧૧ નું બાકી)
આ તરહ કહેવાથી મૌ.હિઝકીલનો મતલબ એ હતો કે, તે સઘલા કાફિરો-ચુગલખોરોનો જે હકીકી રબ છે, ખાલિક છે તે જ એમનો પણ રબ છે આ કલામમાં એક તરહની હિકમત છે. તેની માઅના ને સમઝવામાં ઝહેન રોશન જોઇએ અને દિલ પુરઈમાન જોઇએ. જે વક્ત ફક્ત **"રબ"** કહેવામાં આવે તો જુદી માઅના છે અને જે વક્ત **"હકીકી રબ"** કહેવામાં આવે તો તે અલગ જ ખુસૂસી માઅના તરફ લઇ જાય છે. **ઊલુલ અલ્બાબ - અક્લવાલા વાસ્તે આ તરહની ઝિક્ર ખૂબ જ ફાયદામંદ છે.** જે વક્ત જાનને ખતરો હોય યા ઝિંદગીનો ખૌફ હોય તો આ તરહના કલામોનો સહારો લઇ શકાય છે અને દુશ્મનોના ઈરાદાઓને નાકામ કરી શકાય છે. **ઝૂમાઅના** કે, જેની ઝાહિરી-બાતિની માઅના અલગ થાતી હોય, તેની આડમાં મુશ્કિલમાં મુશ્કિલ કામ આસાન બનાવી શકાય છે. મગર, તેમાં કોઈને નાહક્ક નુકસાનની ગુંજાઈશ ના હોવી જોઈએ. ✫

**કઈ ના હોય ને બીજાની ઈમ્દાદ કરે, તો એ મોટામાં મોટો ગની છે.**

## અલ-ફિરદૌસ - કાફલએ હુસૈનીયહ

હુઝૂરેઆલી સૈ.વ.મૌ. અબૂ સઈદિલ ખૈર હાતિમુલ ખૈરાત રબીઉલ બરકાત હાતિમ ઝકીયુદ્દીન સાહેબ (ત.ઉ.શ.) ની રઝા મુબારકના સાયામાં અને આપની નઝરે કરમનો પરચમ ઉચકીને શાઅબાનુલ કરીમની પહેલી રાતે સેકતુદાઅવત મુકાસિર મૌલા સૈ. મોહંમદ ભાઈસાહેબ નૂરૂદ્દીન સાહેબ (દા.મ.) ની સદારતમાં અલ-ફિરદૌસના ઈસ્મે મુબારકને માતહત **૪૨ આઝેમીને કિરામનો** કાફલો કરબલાએ મુઅલ્લા અને નજફે અશરફની ઝિયારાતે મુકદ્દેસાત વાસ્તે અહમદાબાદથી રવાના થયો હતો.

રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ના બરકાતના મહીનામાં, ૨ સાલની કોરોનાની મુલ્હિક વબા અને ડર બાદ આટલી મોટી તાઅદાદમાં, સાહેબે દાઅવતની ઝૈરે નિગરાની અને હુસ્ને નિઝામ મુમેનીનને આ સફર મુબારક ઈખ્તિયાર કીધો. ગિરોહ તો ઘણા જાય છે, એકલ-દોકલ ઝાતી તૌરથી પણ ઘણા લોગો જાતા હોય છે, **પણ જે કાફલામાં સાહેબે દાઅવત શરીકો શામિલ હોય, તો તેની ચીઝ જ કઇ અલાહેદા હોય છે.** કાફલાની રૌનક, હોંસલો અને નિઝામ કઈ નિરાલો જ હોય છે. હર જગા પર કામિયાબી અને ખુદાની રઝામંદી મુમેનીનના કદમ ચુમે છે. સાહેબે મઝાર અને માલિકે રૌઝહ, મુમેનીન ઝાએરીન વાસ્તે નેઅમુલ વાસ્તા બનીને ઝિયારતના તમામ અસ્બાબ બનાવી આપે છે.

ફક્ત કોઈને પાસપોર્ટ આપી, પૈસા ભરી, બેગ તૈયાર કરી સફર પર નિકલી પડવું કાફી નથી, પણ તેના વાસ્તે પુખ્તા તૈયારી કરવી, અરકાને ઝિયારત સમઝવા, સલામો દોઆ સમઝવી, નિય્યતે સાદેકહ કરવી, સાહેબે ઝિયારતની તારીખો હકીકત જાણવી, નમાઝની પાબંદી રાખવી, હર વક્ત તહારત-પાકીમાં રહેવું, સાહેબે દાઅવતના દરસમાં આવી ઝિયારતને લગતી તમામ માઅલૂમાત હાસિલ કરવી, ઝિયારત વાસ્તે જાવાનું નક્કી થાય તો પહેલામાં પહેલા દાઅવતે શરીફહની ઓફિસથી મન્સક લેવી, જે જે ઘરના મેમ્બરો, અહલ, કરાબતદાર, રિશ્તેદારો, દોઆની અરઝ લઈને મિલવા આવનાર લોગોનું લિસ્ટ બનાવવું કે, જેના નામ લઈને ઝિયારત કરી શકાય, ખતાઓની બખ્શિશ વાસ્તે વસીલહની નમાઝની નિય્યત કરવી, વગૈરહ ઝરૂરી છે. આના સિવાય, જો કોઈ આ મુકદસ મુકામાત તરફ ઈરાદો કરે, તો તેની ઝિયારત નાકિસ, અધુરી અને બેમાઅના ગિનાશે.

જે મુમેનીન-મુમેનાત આ વક્ત અલ-ફિરદૌસના માતહત ઝાએરીન બના અને આ પહેલા જેટલા કાફલાઓમાં દાઅવતે શરીફહના રઝાના સાહેબ મૌજૂદ હતા, તે તમામનો એક જ કૌલ અને એક જ હુજ્જત છે કે, ઝિયારત વાસ્તે જાવું હોય તો તે જ ગિરોહમાં શરીક થાવું કે, જેમાં દાઅવતે શરીફહના કોઈ રઝાના સાહેબ હાઝિર હોય. નહીં તો, કોઈ ચીઝમાં સુકૂનો બરકત નહીં હોય. કોઈ માઅરેફત અને ઈખ્લાસ બગૈર આમને આમ ઝિયારત વાસ્તે જાવું એક મોટી ખતા છે. **મુકાસિર મૌલાની સદારતમાં જે ઝાએરીન કરબલા-નજફ પધારા તે આ હકીકત અને સચ્ચાઇ ના કાઇલ છે.** હઝારો રૂપિયા ખર્ચીને કોઈ જાય, અને ઝિયારતની અહેમીયત અને વકારને અપના તરીકા, અકીદા અને નઝરીયા મુજબ ના સમઝે, તો એ બગૈર મંઝિલ ના મુસાફિર જેવો છે.

અલ-ફિરદૌસના ઝાએરીનનો ઈકબાલ બલંદ હતો કે, પહેલા દિન જ દાખિલીના વક્તે મગરિબની નમાઝ બાદ કરબલામાં રહેમતે ખુદાવંદી થઈ, વરસાદ એ મુજબ આવો કે, હર જગા, હર ગોશા, હર ઝર્રા પર ખાકે કરબલા સાથે બરકાતે હુસૈનીયહ છવાઈ ગઈ હતી. જાણે આસ્માનથી શિફાનો ફૈઝ નાઝિલ થયો હોય. આ ઈત્તેફાક એક યાદગાર અને સઆદતવંતો હતો. મુકાસિર મૌલાની તદબીરો કોશિશના સબબ મુમેનીને હર જગા ઈમામતની નમાઝ પઢી,

(બકીયાહ પેજ નં. ૧૦ પર)

**કોઈને બીમારીથી શિફા મિલવામાં વાર લાગે, તો તે એના વાસ્તે કફ્ફારતુઝ્ઝોનૂબ છે.**

(પેજ નં. ૯ નું બાકી)

પછી તે હરમે અલવી હોય, હરમે હુસૈની હોય, હરમે અબ્બાસી હોય, સહેન હોય, હોલ હોય, મુખ્તલિફ મકામાત હોય, મસ્જિદો હોય, યા ખુલ્લી જગાઓ હોય. આપે દોઆએ ખુસૂસી સાથે મુખ્તલિફ સાહેબોના મઝારો પર વસીલહની નમાઝ પઢાવી.

નજફે અશરફમાં વાદીયુસ સલામમાં જ્યાં મકામે મૌ.ઈમામ જાઅફરૂસ્સાદિક (અ.સ.) છે, ત્યાં મુકાસિર મૌલાએ "**યા અલી**" અને "**યા હુસૈન**" ના તહેરીર કીધેલા કતબહ તમામ ઝાએરીનને હદીયો કીધા. "યા અલી" નું લખાણ આપે રૌઝહ અલવીયહમાં અમીરૂલ મુમેનીન મૌ.અલી (અ.સ.) ના રાસ મુબારકના મુકાબિલ લખું હતું અને "યા હુસૈન" નું લખાણ આપે રૌઝહ હુસૈનીયહમાં સૈયેદુશ્શોહદા મૌ.ઈમામ હુસૈન (અ.સ.) ના કદમ મુબારકના મુકાબિલ લખું હતું. બેવે રૌઝાઓની બરકાત અને સફરની યાદગાર મુમેનીન પોતાના ઘરોમાં લાવા હતા. **બે મીલાદ અને બે ઉર્સનો ઇત્તેફાક આ સફરના દૌરાન થયો હતો.** મૌ.ઈમામ હુસૈન (અ.સ.) અને આપના ફરઝંદ મૌ.ઈમામ અલી ઝૈનુલ આબેદીન (અ.સ.) ની ૫ મી શાઅબાને સાલગિરહનો ખુશ મૌકો અને ૪૨ માં દાઈએ અન્વર સૈ. ફિદાઅલી બદરૂદ્દીન સાહેબ (આ.કુ.) અને ૪૪ માં દાઈએ મુત્લક સૈ. તૈયબ ઝિયાઉદ્દીન સાહેબ (આ.કુ.) ના ઉર્સની મજલિસ મુન્અકિદ થઇ હતી.

૧૦ અય્યામમાં કરબલા-નજફ-કૂફામાં મુકાસિર મૌલાએ મુમેનીનને જે જે ઝિયારતો અને મકામાતો થી બરકાત હાસિલ કરાવી તે છે, ઝરીહે મૌ.ઈમામ હુસૈન - મૌ.અલી અકબર - મૌ.અલી અસગર, ઝરીહે મૌ. હબીબ ઈબ્ને મઝાહિર, ઝરીહે શોહદાએ કરબલા, કત્લગાહે સૈયેદુશ્શોહદા, ઝરીહે મૌ.અબ્બાસ અલમબરદાર, મકામે શહાદતે મૌ.અલી અકબર, મકામે શહાદતે મૌ.અલી અસ્ગર, મકામે કત્એ દસ્તે મૌ.અબ્બાસ અલમબરદાર, વાદીએ મૌ.ઈમામ અસ-સાદિક, નહેરે અલકમા, તિલ્લે મૌ.ઝયનબ, ખૈમાગાહે અહલે બૈત, તિફલાને મૌ.મુસ્લિમ-મૌ.મોહંમદ અને મૌ.ઈબ્રાહીમ (મોસય્યબમાં), મૌ.કુમૈલ બિન ઝિયાદ, મૌ.અહનફ બિન કૈસ, મૌ.કૈસ બિન મુશ્હિર, મકામે રાસુલ હુસૈન (મસ્જિદે હન્નાનહ), મૌ.રૂશૈદ અલ-હુજરી, મૌ.સલમાનુલ ફારસી (મદાઈનમાં), મૌ.અય્યૂબ નબી, મકામે વિલાદતે મૌ.ઈબ્રાહીમ ખલીલુલ્લાહ, મૌ.ખિઝ્ર અને ઝુલક્ફિલ, જામએ બુરાસા, ઝરીહે અમીરૂલ મુમેનીન મૌ.અલી સાહેબે ઝુલ્ફિકાર (અ.સ.) (નજફમાં), વાદીયુસ્સલામ, મકામે મૌ.ઈમામ અસ-સાદિક (અ.સ.), મૌ.હૂદ અને મૌ.સાલેહ નબી, ઝરીહે અલવીમાં મૌ.આદમ અને મૌ.નૂહ, મૌ.મેઅસમે તમ્માર (કૂફામાં), મૌ.હાની બિન ઉરવહ, મૌ.મુસ્લિમ બિન અકીલ, મહેરાબે મસ્જિદે કૂફા-મકામે ઝરબતે મૌ.અલી, મકામાતે અંબિયા અને મલાએકત, બૈતે મૌ.અલી (અ.સ.), મકામે ઝાઅફર જિન્ન, મકામે શૈરે ફિઝ્ઝહ, વગૈરહ સલવાતુલ્લાહે અલયહિમ અજમઈન. ✩

## શિફા અને બાબરકત પાની

તાજુદ્દોઆતિલ અકરમીન સૈયેદના ફખરૂદ્દીન સાહબ (ક.રૂ.) ૧૨૯૬ હિ. માં તખ્તે તૈયેબી પર મુસ્તવી થયા અને ૧૩૦૧ હિ. માં આપ હજ્જે બયતુલ્લાહથી મુશર્રફ થયા. આપના ઝમાનાની એક નાદિર-નાયાબ ચીઝ આજે દાઅવતે શરીફાહમાં મૌજૂદ છે તે એક યાદગાર થાલ છે જેમાં આપે હજ્જે બયતુલ્લાહના અય્યામ દૌરાન કુરઆને કરીમની આયતો ને નકશ કરાવી હતી. **આપના વક્તથી દેવડી મુબારકનો તરીકો રહેલો છે કે, કોઇ પણ મુમિન શિફાના પાની વાસ્તે દાઇયુઝ્ઝમાન (ત.ઉ.શ.) પાસે આવે તો એને આ પુરશિફા અને પુરઅસર થાલનું પાની આપવામાં આવે છે.** આ ફખરી નિશાનીની શિફાની બરકતની રસમ આજે પણ જારી છે. તો મુમેનીનથી ઈલ્તેમાસ છે કે, જેને કુરઆને કરીમની આયતે તાહેરા ના પાની થી શિફા હાસિલ કરવી હોય તે દેવડી મુબારક પર અરઝ કરી શકે છે. ✩

**કોઈ સબબ બગૈર કોઈ દુશ્મની કરે, તો કોઈ નવા હમદર્દ મિલવાની નિશાની છે.**

## મૌ. હિઝકીલ – આલે ફિરઔનના મુમિન

સૂરતુલ મુમિન જે મક્કીયહ સૂરત છે, તેમાં મખ્સૂસ મુમિનની ઝિક્ર આવેલી છે. નબીઓના એવા દૌર પણ હતા, જ્યાં શહેરોના શહેરો કુફ્રો ઈન્કારમાં ડૂબેલા હતા. મગર આ તમામમાં એવા મુખ્લિસ અલ્લાહના બંદા હતા કે, જે મખ્ફી તૌરથી ઈમાનદાર હતા, નબીના તાબેઅદાર હતા. મૌ.મૂસા કલીમુલ્લાહના ઝમાનમાં ખુદાઈનો ખોટો દાઅવો કરનાર ફિરઔન હતો. **એના મહેલમાં ખૂફીયહ તૌરથી ઇમાન પર કાઇમ રહેનાર મૌ.હિઝકીલ હતા.** આપ અલ્લાહતઆલાની તૌહીદનો ઈકરાર કરનાર, મૌ.મૂસા કલીમુલ્લાહની નુબૂવતમાં માનનાર, મોહંમદુલ મુસ્તફા (સ.અ.વ.વ.) અને અલીયુલ મુરતઝા (અ.સ.) ના દરજાતે મુનીરહની માઅરેફત રાખનાર અને આ બેવે સાહેબોની આલે અત્હરના ફઝાઈલ બયાન કરનાર હતા. આ સાથે આપ ફિરઔનના ખોટા ખુદાઈ દાઅવાથી બરાત કરનાર અને તેને રદ કરનાર હતા.

મૌ.હિઝકીલનો પૈશો સુથારી કામનો હતો. આપને લાકડા અને તેની બનાવટો-કારીગરીનો ગહેરો તજરૂબો હતો. એ આપ જ હતા કે, જેએ મૌ.મૂસા વાસ્તે સંદૂક બનાવી હતી કે, જેમાં અલ્લાહતઆલાએ ફિરઔનના ઝુલ્મથી આપની હિફાઝત કીધી હતી. **મૌ.હિઝકીલ પોતાના ઇમાનને છુપાવતા હતા,** મગર જે વક્ત મૌ.મૂસા દરબારે ફિરઔનમાં પધારા અને આપનો જાદૂગરો પર ગલબો થયો, આપની જીત થઈ તે વક્ત જેટલા મુમેનીન હતા કે, જેઓ મૌ.હિઝકીલ મુજબ બાતિની ઈમાન લાવા હતા, તે તમામે પોતાનું ઈમાન ઝાહિર કરી દીધું. આના સબબ ફિરઔન લઈને મુમેનીન પર ખૂબ મઝાલિમ ઢાયા.

મૌ.હિઝકીલ ખૂફીયહ તૌરથી મૌ.મૂસાની નુબૂવત પર ઈમાન લાવા છે, તેની ખબર મહેલના જાસૂસો-ચુગલખોરોએ ફિરઔન તક પહોંચાવી. આ સાંભલી ફિરઔન બેપરવાહ થઈને બોલો કે, “અય મારા દરબારીઓ ! આ તમેં શું કહો છો ! આ નામુમ્કિન છે. હિઝકીલ તો મારા કાકાજીના દીકરા છે, બલકે મારા ખલીફા બનનાર છે. આ વાતમાં કોઈ સચ્ચાઈ નથી કે, **એ મારા ખિલાફ જાય અને મારા સાથે ગદ્દારી કરે.”** ચુગલખોરોએ કહ્યું કે, હમેં હિઝકીલ બાબત સહી કહ્યું છે. હમેં તારા ખૈરખ્વાહ છે. હમારી વાત પર તું ગૌર કર. ફિરઔન બોલો કે, “તમારી આ અરઝ પર હું ઝરૂર તપાસ કરૂં છું. જો અગર આ ખબર સહી હશે તો હું હિઝકીલને નહીં છોડું, એને સખ્ત અઝાબ કરીશ. મગર જો આ વાત ગલત સાબિત થાશે તો તમને તમામને ગિરફતારે અઝાબ કરીશ.”

ફિરઔને મૌ.હિઝકીલને ભરા દરબારમાં તલબ કીધા અને જે બાબત શિકાયત કરવામાં આવી હતી તે પૂછી. જવાબમાં મૌ.હિઝકીલે કહ્યું કે, અય ફિરઔન ! તુંને બાખૂબી ખબર છે કે, મૈં આજ તક જૂઠનો સહારો નથી લીધો. મને આ સવાલ કરતા પહેલા જે લોગોએ મારા ખિલાફ તુંને ભડકાવેલો છે, મારી ચુગલી કીધેલી છે, તેઓને પૂછ કે તેમનો ખાલિક, રાઝિક અને કફીલ કૌન છે ! ફિરઔને તમામને પૂછ્યું તો સઘલા કહેવા લાગા કે, **“ ફિરઔન ! તું જ હમારો ખાલિક છે, રાઝિક છે અને કફાલત કરનાર છે, પરવરિશ કરનાર છે. ”**

મૌ.હિઝકીલે ફરમાવું કે, “અય ફિરઔન ! હું તુંને અને સઘલા હાઝેરીનને શાહિદ રાખીને કહું છું કે, આ સઘલાનો જે હકીકી રબ, ખાલિક અને કફીલ છે, તે જ મારો પણ રબ, ખાલિક, રાઝિક અને કફીલ છે. આના સિવાય જે કોઈ પણ રૂબૂબીયત-ખાલેકીયત યાઅની રબ હોવાનો-ખાલિક હોવાનો દાઅવો કરે તો હું એનાથી અલગ છું, બરી છું અને મારો એના સાથે કોઈ રિશ્તો-નાતો બાકી નથી.”

(બકીયાહ પેજ નં. ૮ પર)

**કોઈ સબબ જિસ્મમાંથી ખૂન જારી થાય, તો તે પરહૈઝગારીની શુરૂઆત છે.**

## શહરૂલ્લાહનો અહમ પાયો : રોઝૂં

શહરે રમઝાનનો હિલાલ નમૂદાર થાતા જ મૌ.ઈમામ જાઅફરૂસ્સાદિક (અ.સ.) આપના ઘરના લોગોને ફરમાવતા કે, તમારા નફસો જિસ્મ ને ઈબાદત અને રિયાઝતની તકલીફ ઉઠાવવા વાસ્તે તૈયાર કરી દો. તમેં ખબરદાર રહો કે, આ મહીનામાં જ રાઝિકુલ ઈબાદ, રિઝકને પોતાના બંદાઓ માં કઈ તરહ તકસીમ કરવું તે નક્કી કરે છે. આ સાથે તમારામાંથી કોણ કેટલી ઝિંદગી જીવશે તેનો અંદાઝો પણ બંધાઈ જાય છે. તમારા માંથી કોણ હજ્જે બયતુલ્લાહ જાશે તેના નામ દરજ કરી લેવાય છે.

કુરઆને કરીમમાં અલ્લાહ જલ્લાશાનોહૂ ફરમાવે છે કે, જેમ અગાઉના લોગો પર રોઝા ફરઝ હતા તેમ તમારા પર ફરઝ કરવામાં આવા છે. આ રોઝાની ગિન્તી તયશુદા છે અને તે ૩૦ અય્યામની છે. **જેમ હર ચીઝની ગિન્તી છે, મિકદાર છે, મિકયાસ છે, અંદાઝો છે, તેમ રોઝાની ગિન્તી લોગો પર છોડી દેવામાં આવી નથી.** પણ ઈમામે હક્ક કે, જેના હાથમાં શરીઅતનો હર નાનામાં નાનો-મોટામાં મોટો અમર છે, એમના હાથમાં જ છે કે, પોતાની જમાઅતને આગાહ કરે કે, મહીનાની ઈબ્તેદા અને ઈન્તેહા ક્યારે થાશે. આ ગિન્તીમાં લોગોનો ઈખ્તિયાર નથી કે, તેઓ રોઝાની ગિન્તી ઓછી કરે યા વધારે કરે.

સૂરજ તુલૂઅ થાય તેના દોઢ કલાક પહેલા યા ફજરના ફરઝના પોણા કલાક પહેલા રોઝાની ઈબ્તેદા થાય છે અને સૂરજના ગુરૂબના સાથે જ મગરિબની ફરઝની નમાઝ બાદ તેની ઈન્તેહા થાય છે. રોઝાની તમામીયત અને કુબૂલીયત વાસ્તે આ મુજબ ઝરૂરી શરતો છે : (૧) મુમિન સાચી નિય્યતથી રોઝાને રાખે. (૨) રોઝાના શુરૂઆતથી આખિર તક પૂરો દિન જમવા-પીવાથી દૂર રહે. (૩) દરેકે દરેક જિસ્માની આઅઝા-અવયવને પાકીઝગીના સાથે મુન્કેરાત-મોહરેમાત-હરામકારીથી બચાવે. યાઅની આઁખ, નાક, કાન, શરમગાહ અને ઝબાન પર પૂરો કબ્ઝો રાખે. શહેવતથી દૂર રહે. (૪) ઈબાદતમાં મશ્ગૂલ રહે. (૫) તિલાવતે કુરઆન કરે. (૬) હલાલ રોઝી વાસ્તે મહેનત કરે. (૭) પોતાના બૈરોથી જિન્સી તઅલ્લુકાત અને લહવો લઅબથી દૂર રહે. (૮) દાઈએ હક્કની નાફરમાની થી દૂર રહે. (૯) વાજિબ ચીઝો હોય તે કરીને નાના-મોટા થી રાઝી રહે. (૧૦) હર નેઅમત પર શુક્ર કરે અને હર આફત પર સબર કરે.

ઈમામ આલી મકામ ફરમાવે છે કે, કેટલાક રોઝદાર એવા હોય છે કે, જેઓ રોઝામાં ફક્ત ભૂખ અને તરસ બરદાશત કરીને રોઝા નું ફરઝ પૂરૂં કરવામાં માને છે. રોઝાના ઝરૂરી અહકામ અને અરકાનથી બેખબર રહેવાને સાથે તેઓના દિલો હક્કના હાદીની વલાયતથી ખાલી હોય છે. અરે ! અહલુલ બૈત (અ.સ.) ની મહબ્બતો ઉલ્ફતથી કોસો દૂર હોય છે.

આથી બયાન એવું આવેલું છે કે, ઈમામે આલે હક્કના સતરમાં જાવાના આ દૌરમાં આપના નાઈબ દાઈએ હક્કથી મૂઁહ ફેરવનાર ગુનાહગાર શખ્સના રોઝા બારગાહે ઈલાહીમાં કુબૂલ થાતા નથી. **કેમકે, જે ઇમામથી એના રોઝા છે, એમની જ માઅરેફતથી એ ખાલી છે.** આ તરહ જે ફરઝંદો પોતાના વાલેદૈન - માઁ-બાવાજીની ખિદમતથી દૂર હોય, નાફરમાન હોય એના રોઝા પણ અકારત છે, બેકાર છે. જહાઁ તક તૌબા ના કરે, મુઆફી ન માંગે.

રોઝા ના કુબૂલ થાવામાં એવો ગુલામ-નોકર-મુલાઝિમ પણ આવે છે કે, જે પોતાના ધણી-માલિક-કંપની-ઓફિસથી વફાદાર ના હોય, કામ બરાબર કરતો ના હોય, ખિદમતથી નાસી છૂટે, એના ઉપરી લોગો એનાથી નારાઝ હોય, તો એવા શખ્સના રોઝા પણ કુબૂલ થાતા નથી. હજી ઝિક્ર આવેલી છે કે, એવા મરદ-બૈરો કે જે એક સાથે રહેતા હોય, (બકીયાહ પેજ નં. ૧૩ પર)

**કોઈ ચાહેલું કામ વક્ત પર ના થાય, તેમાં હિકમતના પડદા છુપાયેલા છે.**

(પેજ નં. ૧ ૨ નું બાકી)

મગર બૈરો એના મરદના ઈતાઅતગુઝાર ના હોય, ઝઘડતા હોય, બેઈઝઝતી કરતા હોય, બદકલામી કરતા હોય, ઊંચા અવાઝે બોલતા હોય, ઈઝા દેતા હોય, બરાબર ઘરની દેખભાલ ના કરતા હોય, એવા બૈરોના રોઝા પણ નકમ્મા છે. આ તમામ લોગો **જહાઁ તક બહેતર સુલૂક પર ના આવે વહાઁ તક,** તેઓનું રોઝા રાખવાનું ફરઝ અદા ના થયું એમ કહેવાશે.

શાઅબાનુલ કરીમના આખિરી દિવસોમાં રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) એ એક ખુત્બો ઈરશાદ ફરમાવો અને આપ મિમ્બર પર ચઢા. આપે તેની પહેલી પખ્તી-પગથિયા પર ચઢીને " **આમીન** " કહ્યું. બીજા પર કદમ મુકો અને પાછું " **આમીન** " કહ્યું. તીસરી પાયરી ઉપર ચઢા અને પાછું " **આમીન** " કહ્યું. તે બાદ આપ ખુત્બામાં જે ફરમાવવાનું હતું, તે ફરમાવીને ઉતરી ગયા. હાઝેરીને નબી સાહેબને બાઅદબ અરઝ કરી કે, અય ખુદાના રસૂલ ! આપે ત્રણે પખ્તીઓ પર " **આમીન** " કયા સબબ થી કહ્યું ?

જવાબમાં આપ ફરમાવે છે કે, હું હજી મિમ્બરના પહેલા પગથિયા પર હતો કે, મૌ.જિબ્રઈલે મને આવીને ફરમાવું કે, "અય મોહંમદ ! કોઈ મુસલ્માન આપનું નામ લે અને એ તેના સાથે સલવાત ના પઢે તો ખુદાતઆલા એને ઝલીલ કરશે. આ કલામ પર આમીન કહો !" **તેથી મૈં " આમીન " કહ્યું.** બીજી ડગર પર પહોંચા તો મને મૌ.જિબ્રઈલે કહ્યું કે, અય મોહંમદ ! શહરે રમઝાન આવે અને કોઈ આ મહીનાને ગનીમત ના ગરદાને અને ગુનાહને ના બખ્શાવે, તો ખુદાતઆલા એને ઝલીલ કરશે. આ કલામ પર તમેં આમીન કહો." **તે મુજબ મૈં " આમીન " કહ્યું.**

તીસરી પખ્તી પર જે વક્ત મૈં પહોંચો તો મૌ.જિબ્રઈલે ફરમાવું કે, અય મોહંમદ ! જે ફરઝંદો પોતાના માઁ-બાવાજી સાથે નૈકીથી પૈશ ના આવે, નાફરમાન થાય, ઝલીલ કરે, ઝોરથી નારવાઁ કલામ કહે, તો ખુદાતઆલા એના અમલોને અકારત કરશે. આ કલામ પર આમીન કહો." **તો મૈં તે મુજબ " આમીન " કહ્યું.**

તો સાબિત થયું કે, રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) સાથે સલવાત જોડાયેલી છે, શહરે રમઝાન સાથે રોઝા-ગુનાહોંની બખ્શિશ જોડાયેલી છે અને વાલેદૈન સાથે એમની ફરમાઁબરદારી જોડાયેલી છે. આ ત્રણે બાકરામત ચીઝો સાથે તેનાથી જોડાયેલી ચીઝો પર બરાબર અમલ કરવામાં ના આવે, તો **રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.), શહરે રમઝાન અને વાલેદૈનનો હક્ક** તેની અસલીયત મુજબ અદા થઈ શકતો નથી.

આ ચીઝ ઝહેનમાં રાખવી જોઈએ કે, દઆઈમુલ ઈસ્લામના સાતે સિતૂન-થાંભલામાં રોઝાની ફરીઝતની શાન નિરાલી છે. હર ફરીઝતમાં તેના કાનૂન મુજબ થોડુંક કરવાનું અને થોડુંક ના કરવાનું હોય છે. પણ રોઝામાં ખૂબ ખયાલ રાખવાનો હોય છે કે, બીજી આમ ફરીઝતો કરતા આમાં ઘણું એવું છે કે, જે કરવાનું હોતું નથી. આ સાતે સિતૂનમાં વલાયતે ઈમામ રૂહ છે. તેના સિવાય શરીઅતના કોઈ આઅમાલ કુબૂલ થાતા નથી અને વલાયતનો તઅલ્લુક દિલથી છે. આ એક રૂહાની અમલ છે. તેને જિસ્માનીયતથી સંબંધ નથી.

આ સિવાય બીજી તમામ ફરીઝતોમાં અમલ કરવાનો હોય છે. મિસાલના તૌર પર તહારતમાં વુઝૂ યા ગુસ્લ કરવું કે તેની બીજા ને ખબર પડે છે. **નમાઝમાં રૂકૂઅ-સજદા યા દોઆ છે કે, જે ઝાહિરી ઇબાદતમાં શામિલ છે.** ઝકાત અદા કરવામાં ઝકાતને લેનાર સાહેબ અને અદા કરનારના ઘરના લોગો ને માઅલૂમ હોય છે. હજ્જ અને જેહાદમાં પણ બીજા પર તે વાત ખુલ્લી થઈ જાય છે.

મગર, રોઝાની રિયાઝત-ઈબાદત મખ્ફી અને બાતિની હોય છે. કોઈ રોઝદાર હોય તો તેની ખબર પડતી નથી. **જો કે તમામ ઇબાદતો લિલ્લાહ-ફિલ્લાહ હોય છે,** મગર ઈન્સાન જે વક્ત આ ફરઝોને પૂરા કરે છે તો એ એક તરહની (બકીયાહ પેજ નં. ૧ ૨ પર)

**સાહેબે હક્કને પોતાની ઝાતને સોંપવી, તે હિદાયતની શુરૂઆત છે.**

## લફઝી કશ-મ-કશ

**ઉભી તરકીબ :**

૧) "મોહંમદ" નામમાં બે વાર -------- નો હરફ છે. (૨)

૨) અલ્લાહતઆલાએ જે વક્ત કલમ બનાવી તો પહેલામાં પહેલો --------- નો હરફ લોહ પર લિખો. (૩)

૩) ઈન્સાને પુકારેલો હરએક -------- અલ્લાહતઆલા એની કિતાબમાં દરજ ફરમાવે છે. (૩)

૭) "રબ્બુસ્સમાવાતે વલ અર્ઝ" માં પરવરદિગારની માઅના શું છે? (૨)

| | | | | |
|---|---|---|---|---|
| | | ૧ | | |
| | ૨ | | ૩ | |
| ૪ | | X | ૫ | |
| | ૬ | ૭ | | |
| | | | | |

**આડી તરકીબ :**

૨) ઈલિમના સાથ -------કરવામાં ફઝીલત છે, -------જો નથી તો બરબાદ સઘલી મહેનત છે. (૩)

૪) અલ્લાહના -------- જ હમને તેના દરબાર તરફ લઈ જાશે. (૨)

૫) હર ચીઝ જે પૈદા થઈ તે કોઈના કોઈ વક્ત ------- થઈને રહેશે. (૨)

૬) શહરૂલ્લાહિલ હરામમાં હર -------- નો બદલો અલ્લાહતઆલા ૭૦ ગણો આપશે. (૩)

**ગયા શુમારાના લફઝી કશ-મ-કશનો ખુલાસો :-**

| | | | | |
|---|---|---|---|---|
| | | લા | | |
| | ન | શ | ર | |
| વ | સી | X | સૂ | ર |
| | બ | ખી | લ | |
| | | ર | | |

**નોંધ :** કારેઈનને ઈલ્તેમાસ છે કે, લફઝી કશ-મ-કશ ના જવાબો લખી હમારા એડ્રેસ પર શવ્વાલ મહીનાની ૧૦ તારીખ પહેલા પોતાના મોબાઈલ નંબર સાથે મોકલી આપે. સહી જવાબ આપનાર મુમેનીનનો ડ્રો કરવામાં આવશે અને જે નસીબદાર ભાઈનું નામ ખુલશે તેનું નામ ઝાહિર કરવામાં આવશે.

**ખાસ તવજ્જોહ:** મિશ્કાતુલ હાદી દીની અખ્બારમાં આ કોલમ લફ્ઝી કશ-મ-કશ ઘણા વક્તથી ચાલે છે. તેમાં અલ્ફાઝને ગોઠવીને જવાબો આપવાના હોય છે. ઘણી વાર મુશ્કિલ હોય છે, તો ઘણા આસાન પણ હોય છે. કારેઈન પોતાની ઝહેની તાકત અને સુલાહીયત મુજબ જવાબો તલાશ કરવામાં મહેનત કરે છે અને કામિયાબ થાય છે. તવજ્જોહ એ ચીઝનો કે, આ કોલમમાં સવાલો ફક્ત સવાલો જ નથી હોતા. જે પઢનાર ગૌરથી સવાલો પઢે છે તેને ખબર હોય છે કે, અક્સર સવાલોમાં અપની તારીખ, અકીદા અને રસ્મો રિવાજનું રેફેરન્સ હોય છે. સવાલનો શું જવાબ આવે તે એક જુદી બિના છે મગર સવાલ વાંચીને પણ ઘણું બધું જાણી શકાય છે. લેહાઝા, કારેઈન સવાલોને દિલચસ્પીથી પઢે અને જવાબો ઢુંઢવાની બહેતર કોશિશ કરે. ✩

---

(પેજ નં. ૧૩ નું બાકી)

શનાખ્ત કાઈમ કરી લે છે. કોઈ નમાઝનો પાબંદ હોય, તો લોગો તેને આબિદ કહે છે. કોઈ જેહાદમાં ખૂબ પુખ્તા હોય, તો તેને મુજાહિદ કહેવામાં આવે છે. કોઈ પાકી-સાફીમાં કામિલ હોય તો એને પારસા-પરહૈઝગાર ની પહેચાન અપાય છે. કોઈ હજ્જ પઢીને આવે, તો વતનના લોગો એને હાજીનો લકબ આપી દે છે. કોઈ ઝકાતો ખયરાત અદા કરવાનો ખૂબ શૌક રાખતો હોય, તો એને ફૈયાઝદિલ અને સખીના નામથી પુકારવામાં આવે છે.

જ્યારે રોઝૂં રાખવું એવો અમલ છે કે, તેની ગહેરાઈ ખુદ બંદો અને બંદાનવાઝ જ જાણે છે. **આ બેહદ બાતિની અને ખામોશીનો અમલ છે.** દિલ-દિમાગ-નઝર ખુદાતઆલા પાસે અમાનત હોય છે અને તેના ઉપર ખૈરની ચાદર નાંખી દેવામાં આવે છે. જો નિય્યત પુખ્તા હશે તો એ બંદાની સલામતીનો ઝામિન ખુદ ખુદાતઆલા છે. તેમાં ભરપૂર અને બેશુમાર અજર છે. હદીસે કુદસી તેની ગવાહી દે છે કે, **" અસ્સૌમો લી વ અના અજઝી બેહી, "** યાઅની ખુદાતઆલાનો ઈરશાદે ખાસ છે કે, રોઝૂં મારા વાસ્તે જ છે અને તેનો પૂરેપૂરો બદલો હું જ આપનાર છું. આ અજરની ખુશી જ બંદાને રોઝૂં કરવા પર આમાદહ કરે છે. જેથી એ પોતાના રબના નૂરને ખુશી-ખુશી મહેશરમાં જોઈ શકે. ✩

**સાહેબે હક્કના રૌઝહની ઝિયારત કરવી, તે આખેરતની ચાવી છે.**

## મૌ. ફાતેમા ઝહરા (અ.સ.)

કદર કી શાન હે, ખાતૂને જન્નત ફાતેમા ઝહરા,
નબી કા નૂર, ઉન્કે ઘર કી ઈઝ્ઝત ફાતેમા ઝહરા.
જનાબે સૈયેદહ મખ્દૂમએ કૌનેન માઅસૂમહ,
અલીયુલ મુરતઝા કે ઘર કી ઝીનત, ફાતેમા ઝહરા.
શફીએ ઉમ્મતે ખૈરૂલ વરા, સરમાયએ ઈફ્ફત,
શરફ હૂરોં કા હે, બીબી કી ખિદમત, ફાતેમા ઝહરા.
હુઈ હે આયએ તત્હીર નાઝિલ શાને અત્હર મેં,
તેરા હુસ્ને અમલ મનશાએ કુદરત ફાતેમા ઝહરા.
અતા ફરમાયે હૈં હસનૈન સે ફરઝંદ ખાલિકને,
હુએ જો મજમએ રાઝે મશીયત ફાતેમા ઝહરા.
દિયા સાઈલ કો ખાના આપને ફાકે પે ફાકા થા,
ફરિશ્તે ભી હૈં સબ યહાં મહવે હૈરત ફાતેમા ઝહરા.
મિસાલી આપ કા કિરદાર હે તારીખે આલમ મેં,
નહીં સાની તેરા હે યે હકીકત ફાતેમા ઝહરા.
તડપ દિલ કી યે હે પહોંચું રિવાકે પાક હઝરત મેં,
મૈં કરલું રૌઝએ અકદસ કી ઝિયારત ફાતેમા ઝહરા.
સવાલી બનકે આયા હું, ન ખાલી હાથ જાઉંગા,
બરસ જાએ ઈધર ભી અબરે રહેમત, ફાતેમા ઝહરા.
ખુદા સે બખ્શવાના રોઝે મહેશર અપને શીઓં કો,
હમેં દરકાર હે તેરી શફાઅત, ફાતેમા ઝહરા.
બકા હો તૂલ માનિંન્દે ખિઝિર દાઈએ બરહક્ક કી,
ફલે ફૂલે જહાઁ મેં અહલે દાઅવત, ફાતેમા ઝહરા.
તમન્ના હે યે શાકિર કી કે, ફરમાએ કુબૂલ હઝરત,
મૈં લાયા હું યે ગુલ્હાએ અકીદત ફાતેમા ઝહરા. ✯

**ઝિયાદહ નેઅમતો પર સબર કરવો,
તે શુક્રની નિશાની છે.**

## તિજારત


યા અલી મદદ
" વ્હોરા આલમમાં " ટોપી " નું રાજ, જાણે શોભે મસ્તકે તાજ "

**ભાઈસાહેબ ઈબ્રાહીમ**

**સરનામું :** વાડી બદરી મોહલ્લા નાકા, વડોદરા-૧૭.

**આવી રહેલા ઇબાદતના મહિનાઓની તૈયારી રૂપે અમારે ત્યાં મનપસંદ ડીઝાઇનોમાં દરેક પ્રકારની ટોપીઓ મળશે.**

**સમય : સાંજે ૫ થી ૮ / મો.: ૯૪૨૭૮૪૧૧૨૩** ✯

**ફેન્સી અને મેચીંગ દુપટ્ટા સેન્ટર**
**" ઝૈબાઈશ "**
બી-૧૨, ગાયકવાડ પ્લાઝા, અલ્માસ માર્કેટ સામે,
પાણીગેટ, વડોદરા.

**નઝીરઅલી ભાઇસાહેબ - મો.: ૯૯૭૪૧૫૭૫૬૬** ✯

**નૂરભાઈ કેટરર્સ એન્ડ સ્વીટસ**

**અમારા ત્યાં નીચે મુજબના ઓર્ડર લેવામાં આવશે.
ચોખ્ખો સામાન, વ્યાજબી ભાવ અને સ્વાદિષ્ટ....**
દરેક પ્રસંગના જમણ, વડાનું ખીરૂં, ફાતેહાની ખીર-મલીદો
મીઠાઈમાં કોપરા પાક, ડ્રાયફ્રૂટ હલવો, મેંગો બરફી,
ગુંદર પાક, વિગેરે.
હોમ ડિલીવરી કરવામાં આવશે.

**મો.: ૯૭૨૪૬૧૫૫૫૭ (બદરૂદીન રંગવાલા)**
**મો.: ૮૪૬૯૬૮૦૩૦૮ (સુલતાના કોઠીવાલા)** ✯


**કોઈ નિસ્ફિલ્લૈલની નમાઝનો પાબંદ બને,
તો તે એના વાસ્તે ફરઝો નાં
કમાલીયતની નિશાની છે.**

**અલ્લાહની ઈબાદત સાથે માઁ-બાવાજી સાથે
એહસાન, રહેમદિલી, તવાઝોઅ, અદબ
અને બેહતર સુલૂક કરવો જોઈએ.**

અલી કા કામ હે મેરે ગુનાહોં કો મિટા દેના,
બવક્તે મૌત આ કર યા અલી સૂરત દિખા દેના,
સુના હે કબ્ર મેં મુમિન કી ખુદ શબ્બીર આતેં હૈં,
મૈં સો જાઉં તો અય મુન્કર-નકીર આકે ઉઠા દેના.

**કોઈ મુસીબત પર શુક્ર કરવો, તે સબરની શુરૂઆત છે.**

## કદમ કી ઝમીં

ઈલાહી હો દાઈ કી ઉમ્રે દરાઝ,
ખુદા ઈનકો રખ્ખે સદા સરફરાઝ,
અલી સે મિલા ઈનકો દાઅવત કા તાજ,
ન ક્યૂં હો હમેં ઐસે દાઈ પે નાઝ.

કરમ હમ પે હો દાઈ ઐસા કરમ,
કે ચૂમા કરેં હમ તુમ્હારે કદમ,
ન હો યે અકીદા કભી દિલ સે કમ,
યહીં બંદગી હે ખુદા કી કસમ.

જો કહેતે હૈં જન્નત જિસે મુમેનીં,
વો હે આપ હી કે કદમ કી ઝમીં,
ન છોડેંગે હમ ઈસ લીયે યે કદમ,
ઝુકાતે રહેંગે હમ અપની જબીં.

ખુદા કી કસમ રેહનુમા આપ હો,
મેરા તો બસ એક આસરા આપ હો,
હમેશા બચાતે હો તૂફાન સે,
મેરી નાવ કે નાખુદા આપ હો.

શમએ ઈમાન બન કે જલા મૈં કરૂં,
સદાકત કી રાહ પર ચલા મૈં કરૂં,
મુઝે કૌસર ઐસી હિદાયત મિલે,
હમેશા કિસી કા ભલા મૈં કરૂં. ✫

**જમાઅતના મુમેનીન મુખ્લેસીનને ઈદુલ ફિતર યાઅની ઈદુન્નેઅમત મુબારક થાય. આ તહેનીયત તે બેશુમાર નેઅમતોં જે અલ્લાહતઆલાએ ઈમાનો ઈસ્લામના સાયામાં મુમેનીનને આપેલી છે, તેની શુક્રગુઝારી વાસ્તે છે. અલ્લાહતઆલા સબર, શુક્ર અને યકીનની નેઅમતને હમેશા અહલે ઈમાનમાં બાકી રાખે, આમીન. ✫**

## પાઁચ રસ્તા અને ડર

(૧) પોતાના ગુનાહોના ડરને દૂર કરવા વાસ્તે તૌબાનો રસ્તો અપનાવો.
(૨) કબ્રની વેહશત-ડરને દૂર કરવા તહજ્જુદ અને નિસ્ફિલ્લૈલનો રસ્તો ઈખ્તિયાર કરો.
(૩) કયામતના દિનના ડરને દૂર કરવા અમલે સાલેહ કરવાના રસ્તા પર ચાલો.
(૪) અલ્લાહના અઝાબના ડરને મીટાવવા સદકો કરવાની આદત રાખો.
(૫) સિરાતુમ મુસ્તકીમ પર ચાલવાના ડરને દૂર કરવા આલે મોહંમદ (સ.અ.વ.વ.) ની મોહબ્બત નો રસ્તો અપનાવી લો. ✫

**કોઈ મહેમાનનું ઘરમાં આવવું, તે બરકતની ઈબ્તેદા છે.**

**નોંધ : મિશકાતુલ-હાદી** ના માતહત શાયેઅ થયેલી મૌલાના અલી (અ.સ.) ના કસીદાઓની, સૈ.ફખરૂદ્દીન સાહબ (ક.રૂ.) ની બૈતોના મજમૂઆની તેમજ અહલુલબૈત (અ.સ.) ના નૌહાઓની અને મરસીયાઓની **CD** શૈખ ઈબ્રાહીમ ટી. બરોડાવાલા પાસેથી કારેઈન હાસિલ કરી શકે છે. ✫

**અકીદા, અમલ, દોઆ, ફાઝિલ દિન-રાત, રસમ વગૈરા વાસ્તે મુમેનીન " અસ-સહીફતુત તૈયેબીયાહ " ને દેવડી પરથી હાસિલ કરીને ગૌરથી પઢે.**

**સાલાના લવાઝેમાત (Yearly Subscription)**
**₹ ૧૦૦/-**
શહરૂલ્લાહમાં વાજેબાતની અદાયેગી વક્તે આપવું.
મેનેજર :- **શૈખ ઇબ્રાહીમ ટી. બરોડાવાલા**
નાઝ બોક્ષવાલાના ઘરને બાજુમાં, બદરી મોહલ્લા,
વાડી, વડોદરા - ૩૯૦ ०૧૭. ફોન : ૯૯૦૪૨૨૧૦૯૦.